# વિષય - પર્યાવરણ ૧૪. રાજુનું ખેતર

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧.દૈનિક જરૂરિયાતો જેવી કે ખોરાક, પાણી, કપડાનાં ઉત્પાદન અને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા સમજે.

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) રાજુના પિતાજી કયા પાક માટે ખેતર તૈયાર કરી રહ્યા છે ?.....................................

(અ) ડુંગળી (બ) બટાકા (ક) ઘઉં (ડ) મગફળી

(૨) ડુંગળીની સુકાયેલી ડાળી કાપવા કયા સાધનનો ઉપયોગ થાય છે ?.............................

(અ) ધારદાર ચપ્પુ (બ) કોદાળી (ક) દાતરડું (ડ) ઈલ્લીજ

(૩) પાકની વાવણી કરવા માટે નીચેના પૈકી કયુ સાધન વપરાય છે ?.........................................

(અ) કોદાળી (બ) દાતરડું (ક) હળ (ડ) સમાર

(૪) પાકની લણણી કરવા માટે નીચેના પૈકી કયુ સાધન વપરાય છે ?.............................

(અ) પાવડો (બ) ખૂરપી (ક) હળ (બ) દાતરડું

(૫) ડુંગળીનો પાક તૈયાર થઇ ગયો છે તે શાના પરથી કહી શકાય ?...............................................

(અ) છોડનાં પાન લીલાછમ બને ત્યારે (બ) છોડના પાન પીળા અને સૂકાં થઇ જાય ત્યારે

(ક) છોડ નીચે નમી જાય ત્યારે (ડ) છોડ પર ફૂલો આવે ત્યારે

(૬) ઈલ્લીજ કોના જેવુ સાધન છે ?.................................................

(અ) કોદાળી (બ) દાતરડું (ક) ધારદાર ચપ્પુ (ડ) સમાર

(૭) ખેતરમાં પાક ઉગાડવા માટે નીચેનામાંથી કયો ક્રમ સાચો છે ?.....................................

(અ) વાવણી, લણણી, નીંદણ કાઢવુ, જમીન ખેડવી (બ) જમીન ખેડવી, નીંદણ કાઢવુ, લણણી, વાવણી

(ક) જમીન ખેડવી, લણણી, વાવણી, નીંદણ કાઢવુ (ડ) જમીન ખેડવી, વાવણી, નીંદણ કાઢવુ, લણણી

(૮) નીચેમાંથી કયો પાક જમીનની અંદર થતો નથી ?...........................................

(અ) કોબીજ (બ) લસણ (ક) ડુંગળી (ડ) બટાકા

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) નીંદણ એટલે શું ?..........................................................................................

..........................................................................................................................

(૨) તમે તમારા ઘેર તમારા માતાપિતાને કયા કયા કામમાં મદદ કરો છો ?..........................................

..........................................................................................................................

..........................................................................................................................

(૩) તમારા વિસ્તારમાં કયા કયા પાક લેવામાં આવે છે તે લખો.....................................................

..........................................................................................................................

(૪) ખેતીકામમાં કયા કયા સાધનો વપરાય છે તે લખો.........................................................

..........................................................................................................................

(૫) ફળો અને શાકભાજી લઇ જવા માટે કયા કયા વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે ?....................

.......................................................................................................................

(૬) ડુંગળીનો પાક તૈયાર થઇ ગયા પછી સમયસર ન લણીએ તો શું થાય ?.......................................

.......................................................................................................................

**પ્રશ્ન- ૩. યોગ્ય રીતે જોડકા જોડો.**

| વિભાગ - અ | વિભાગ - બ |
|---|---|
| (૧) હળ - | (અ) જમીન પોચી બનાવવા |
| (૨) દાતરડું - | (બ) જમીન ખેડવા |
| (૩) સમાર - | (ક) પાળા બનાવવા |
| (૪) કોદાળી - | (ડ) જમીન સમથળ બનાવવા |
| (૫) પાવડો - | (ઈ) પાકની લણણી કરવા |

**પ્રશ્ન-૪. નીચેના ચિત્રો જુઓ અને તેની નીચે કામનું નામ અને તેનો ક્રમ લખો.**













**પ્રશ્ન-૫. નીચે આપેલા વિધાનો સાચાં બને તે રીતે ખોટો શબ્દ છેકી નાખો.**

(૧) ડુંગળીનાં પાકના વાવેતરની શરૂઆત ઑગષ્ટ / ઓક્ટોબર મહીનાથી થાય છે.

(૨) ચોક્કસ અંતરે પૂરતાં પ્રમાણમાં બીજ વાવવાથી પાક સારો / ઓછો ઉતરે છે.

(૩) વાવણી / લણણી કરતાં પહેલા જમીન પોચી બનાવવામાં આવે છે.

(૪) છોડના પાંદડાં સૂકાં / લીલાં થઇ ગયા મતલબ ડુંગળીનો પાક તૈયાર થઇ ગયો.

(૫) જમીનને નરમ અને પોચી બનાવવા સમાર / કોદાળી નો ઉપયોગ થાય છે.

(૬) સૂરણ, શક્કરિયા, આદુ, ગાજર, લસણ, ડુંગળી, બટાકા વગેરેનો પાક જમીનની બહાર / અંદર થાય છે.